ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેન્કસ ફેડરેશન

કો.ઓપરેટીવ બેન્કસ ભવન, આશ્રમ રોડ, અમદાવાદ – 380009.

ક્રમાંક: જીયુસીબીએફ/51/426 તા:06/01/2026

તમામ અર્બન કો. ઓપરેટીવ બેન્કો

Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Information Reporting) Amendment Directions, 2025 પરીપત્ર તરફથી તા. 04/12/2025 ના પરિપત્ર ગુજરાતી અનુવાદ આ સાથે મોકલીએ છીએ. વધુ સ્પષ્ટ અર્થઘટન માટે અંગ્રેજી પરિપત્ર નો આધાર લેવો. આ પરિપત્ર ફેડરેશનની વેબસાઇટ www.gujfed.com ઉપર Circular In Gujarati Menu માં મૂકવામાં આવેલ છે

આપનો વિશ્વાસુ

(જે.વી.શાહ)
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

RBI/DOR/2025-26/114
DoR.FIN.REC. No. 321/20.16.056/2025-26 04 ડિસેમ્બર, 2025

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (અર્બન કો-ઓપરેટિવ બેન્ક્સ – ક્રેડિટ ઇન્ફોર્મેશન રિપોર્ટિંગ) સુધારણા દિશાનિર્દેશો, 2025

રિઝર્વ બેન્કે દેશમાં ક્રેડિટ માહિતી રિપોર્ટિંગ સિસ્ટમ સુચારૂ રૂપે કાર્ય કરે તે માટે અગાઉ Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Information Reporting) Directions, 2025 જારી કર્યા હતા. હાલની સૂચનાઓની સમીક્ષા બાદ, તેમાં વધુ સુધારા કરવાની જરૂર દેખાઈ છે.

2. તેથી, ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઝ (રેગ્યુલેશન) અધિનિયમ, 2005ની કલમ 11 હેઠળ પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરીને અને જાહેર હિતમાં આ જરૂરી હોવાનું માની, રિઝર્વ બેંક નીચે મુજબના સુધારણા દિશાનિર્દેશો જારી કરે છે.

3.

(i) આ દિશાનિર્દેશોને Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Information Reporting) Amendment Directions, 2025 તરીકે ઓળખવામાં આવશે.

(ii) આ દિશાનિર્દેશો 1 જુલાઈ, 2026થી અમલમાં આવશે.

4. આ સુધારણા દિશાનિર્દેશો દ્વારા અગાઉ જારી કરાયેલા Reserve Bank of India (Urban Co-operative Banks – Credit Information Reporting) Directions, 2025 (જેનને આગળ "મૂળ દિશાનિર્દેશો" તરીકે ઓળખવામાં આવશે) માં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે:

(i) મૂળ દિશાનિર્દેશોના પરિચ્છેદ 10(2) ને નીચે મુજબ બદલી નાખવામાં આવે છે:

"A CI (Credit Institution) તેના દ્વારા એકત્રિત / સંભાળવામાં આવતી ક્રેડિટ માહિતી નીચે મુજબ નિયમિત રીતે અપડેટ રાખશે, અથવા CI અને CIC વચ્ચે પરસ્પર સંમત થયેલા ઓછા ગાળા (shorter intervals) પર અપડેટ કરશે:

(i) CI દ્વારા 9મો, 16મો, 23મો અને મહીનાનો છેલ્લા દિવસે (જેને હવે "*reference dates*" તરીકે ઓળખવામાં આવશે) ક્રેડિટ માહિતી CIC ને મોકલવી રહેશે.

(ii) CI દ્વારા મહીનાના છેલ્લા દિવસે તમામ ક્રેડિટ માહિતીની પૂર્ણ ફાઇલ (full file) CIC ને આગલા મહીનાના 5મા દિવસ સુધી મોકલવી ફરજિયાત રહેશે. આ માટેની 'પૂર્ણ ફાઇલ'માં CI ની Books પર રહેલા તમામ સક્રિય ખાતાઓ તથા છેલ્લા રિપોર્ટિંગ રેફરન્સ તારીખ પછી જ્યાં borrower અને CI વચ્ચેનો સંબંધ સમાપ્ત થયો હોય તેવા તમામ ખાતાઓનો સમાવેશ થશે.

(iii) મહીના દરમ્યાન અન્ય ક્રેડીટ માહિતી સબમિશનમાં 9મી, 16મી અને 23મી તારીખે, CI દ્વારા માત્ર 'ઇન્ક્રિમેન્ટલ અકાઉન્ટ્સ' CIC ને મોકલવાની રહેશે. CI એ ઉપરોક્ત તારીખોથી ચારે (4) કેલેન્ડર દિવસની અંદર આ ક્રેડિટ માહિતી CIC ને મોકલવી પડશે. 'ઇન્ક્રિમેન્ટલ અકાઉન્ટ્સ'માં નીચે મુજબનાં ખાતાઓનો સમાવેશ થશે:

A. છેલ્લા રિપોર્ટિંગ રેફરન્સ તારીખ પછી ખોલાયેલા નવા ખાતાઓ;

B. છેલ્લી રિપોર્ટિંગ રેફરન્સ તારીખ પછી, જ્યાં borrower અને CI વચ્ચેનો સંબંધ સમાપ્ત થયો હોય તેવા ખાતાઓ;

C. એવા ખાતાઓ જેમાં છેલ્લા રિપોર્ટિંગ રેફરન્સ તારીખ પછી borrower ની કોઇ કાર્યવાહી/ ટ્રાન્ઝેક્શનના કારણે ફેરફાર થયો હોય, જેમ કે

- ચૂકવણી (repayment),
- Change in Outstanding Balance
- ગ્રાહકની ડેમોગ્રાફિક વિગતોમાં સુધારા,
- Related Party અથવા ગેરન્ટરના બદલાવ,
- માલિકીમાં ફેરફાર,
- ખાતા પ્રકારમાં બદલાવ.

D. એવા ખાતાઓ જ્યાં વ્યાજ અને મૂડીની હપ્તાની ચુકવણી overdue થઈ ગઈ હોય.

સ્પષ્ટીકરણ: માત્ર 'days past due'માં ફેરફાર થયેલા ખાતાઓ પણ રિપોર્ટિંગમાં સામેલ કરવાના રહેશે.

---

(iv) રિપોર્ટિંગ માટેના સમયપત્રક (timelines) નું ઉદાહરણ Annex-VI માં આપવામાં આવ્યું છે.

---

(v) CICs દ્વારા, જે CIs ડેટા સબમિશન સમયમર્યાદાનું પાલન ન કરે, તેમની યાદી DAKSH પોર્ટલ પર અર્ધવાર્ષિક ધોરણો અપલોડ કરી, રિઝર્વ બેંકના ડિપાર્ટમેન્ટ ઓફ સુપરવિઝન, સેન્ટ્રલ ઑફિસને (અર્ધવાર્ષિક દર 31 માર્ચ અને 30 સપ્ટેમ્બર) માહિતી અને મોનિટરીંગ હેતુસર મોકલી આપશે.

ii) નીચે પ્રમાણે, પેરા 12(9) પછી એક નવો પેરા 12(10) દાખલ કરવામાં આવે છે:

CI, CIC, ને Borrower નો CKYC નંબર જો તેની પાસે હોય તો મોકલી આપશે. અથવા CKYC નંબર (નવા અરજદારોના માટે) જયારે પ્રાપ્ત થાય ત્યારે CIએ પોતાના બોરોઅર્સનો CKYC નંબર CICs ને રિપોર્ટ કરવો રહેશે."

---

**i)** આ ડાયરેક્ટશનના પેરા 15 ને નીચે પ્રમાણે બદલવામાં આવે છે:

CICs દ્વારા રિજેક્ટ કરાયેલ (અસ્વીકાર કરાયેલ) ડેટાને CIએ સુધારીને, તે પછીની રિપોર્ટિંગ રેફરન્સ તારીખના ડેટા સાથે અથવા તે પહેલાં ફરીથી CICs ને સબમિટ કરવાના રહેશે."

(J. P. Sharma)
ચીફ જનરલ મેનેજર-ઇન-ચાર્જ

Annex-VI

ક્રેડિટ માહિતી રિપોર્ટિંગ માટેના સમયપત્રક *(ટાઇમલાઇન)*નું ઉદાહરણ

| | Credit Information to be reported as on date | CIs to share data with CICs by | CICs to ingest and share rectification report with CIs by | CIs to share rectification in rejected data with CICs by |
|---|---|---|---|---|
| Day of the month | 9th | 13th | 16th | 20th |
| | 16th | 20th | 23rd | 27th |
| | 23rd | 27th | 30th | 5th of the next month |
| | Last day of month | 5th of the next month | 8th of next month | 13th of the next month |